सत्यमेव जयते

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી
વહીવટી શાખા, જિલ્લા સેવા સદન-૧,
પહેલોમાળ,મોતીબાગ,ભાવનગર:૩૬૪૦૦૧
ફોન : ૦૨૭૮-૨૪૨૭૭૫૯ ફેકસ :૨૪૨૭૯૪૧

નં:વહટ-૧/વશી/૧૫૫૧૨/સ્વઘોષણા/૨૦૨૨ તા.૧૦/૦૮/૨૦૨૨

અગત્યનું

પ્રતિ

(૧) કમિશ્નરશ્રી,મહાનગરપાલિકા,ભાવનગર
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,ભાવનગર
(3) પોલિસ અધિક્ષકશ્રી,ભાવનગર
(૪) અધિક કલેક્ટરશ્રી,પ્રાદેશિક કમિશનરશ્રીની કચેરી,ન.પા.ઓ,મોતીબાગ,ભાવનગર.
(૫) કાર્યપાલક ઇજનેરશ્રી,ભાવનગર જળસિંચન વિભાગ,પાનવાડી, ભાવનગર
(૬) કાર્યપાલક ઇજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય),પાનવાડી, ભાવનગર
(૭) જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,બહુમાળી ભવન, ભાવનગર.
(૮) જિલ્લા રજીસ્ટ્રારશ્રી,સહકારી મંડળીઓ,બહુમાળી ભવન, ભાવનગર.
(૯) જિલ્લા નાયબ નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, બહુમાળી ભવન, ભાવનગર.
(૧૦) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,બહુમાળી ભવન,ભાવનગર
(૧૧) નાયબ માહિતી નિયામકશ્રી,મોતીબાગ,ભાવનગર
(૧૨) વિભાગીય નાયબ નિયામકશ્રી,આરોગ્ય અને તબીબી સેવાઓ, ભાવનગર
(૧૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી,વિસ્તાર વિકાસ સત્તામંડળ (બાડા),ભાવનગર
(૧૪) નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,મોતીબાગ, ભાવનગર
(૧૫) જિલ્લા આયોજન અધિકારીશ્રી, કલેકટેરટ,ભાવનગર
(૧૬) નાયબ નિયામકશ્રી,જમીન દફતર,બહુમાળી ભવન,ભાવનગર
(૧૭) કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના વિભાગ,બહુમાળી ભવન, ભાવનગર
(૧૮) નાયબ વન સંરક્ષકશ્રી, (નોર્મલ વિભાગ) બહુમાળી ભવન,ભાવનગર
(૧૯) સંયુકત વાણિજ્યક વેરા કમિશ્નરશ્રી,બહુમાળી ભવન, ભાવનગર
(૨૦) કાર્યપાલક ઇજનેરશ્રી,ક્ષાર અંકુશ વિભાગ, બહુમાળી ભવન,ભાવનગર
(૨૧) કાર્યપાલક ઇજનેરશ્રી(બાંધકામ),ગુજરાત મેરીટાઈમ બોર્ડ,પોર્ટ કોલોની,બોરતળાવ,ભાવનગર
(૨૨) કાર્યપાલક ઇજ.શ્રી,સી.એમ.સી.યુ.,સ્વ-જલધારા, સરદાર શોપીંગ સેન્ટર,સરદારનગર,ભાવનગર
(૨૩) અધિક્ષક ઇજનેરશ્રી,પી.જી.વી.સી.એલ., ચાવડી ગેટ,ભાવનગર
(૨૪) અધિક્ષક ઇજનેરશ્રી,ગુ.પા.પુ.ગ.વ્ય. અને જા.આ.બાં. વિભાગ, સરદારનગર,ભાવનગર
(૨૫) તબીબી અધિક્ષકશ્રી,સર ટી જનરલ હોસ્પિટલ, ભાવનગર
(૨૬) જનરલ મેનેજરશ્રી,જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વિદ્યાનગર,ભાવનગર
(૨૭) આચાર્યશ્રી,આઇ.ટી.આઇ. વિદ્યાનગર,ભાવનગર
(૨૮) સહાયક નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ, (લોકલ ફંડ), હલુરીયા,ભાવનગર
(૨૯) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બહુમાળી ભવન,ભાવનગર
(30) કાર્યપાલક ઇજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ (પંચાયત),ભાવનગર
(૩૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર
(૩૨) મેનેજરશ્રી, યશવંતરાય નાટયગૃહ,ભાવનગર.
(૩૩) કાર્યપાલક ઇજનેરશ્રી,ગુ.પા.પુ.ગ.વ્ય. અને જા.આ.બાં. વિભાગ-૧, પાનવાડી,ભાવનગર
(૩૪) મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી ,બહુમાળી ભવન,ભાવનગર
(૩૫) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,જિલ્લા પંચાયત,ભાવનગર.
(૩૬) ડી.ઇ.લે.રે.શ્રી,બહુમાળી ભવન, ભાવનગર
(૩૭) કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ વિભાગ (પંચાયત), જિ.પંચા. ભાવનગર.
(૩૮) અધિક્ષકશ્રી,તાપીબાઇ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ,ભાવનગર.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભાવનગર
૩૪૮૧
તારીખ ૨૪/૮/૨૨


D:/VAHIVATI BRANCH/Reference Letter

યોજના
૨૪/૮

(૮૧) નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી,કલેક્ટરેટ,ભાવનગર.
(૮૨) પ્રોગ્રામ ઓફિસરશ્રી,આઇ.સી.ડી.એસ.,જિલ્લા પંચાયત,ભાવનગર.
(૮૩) સરકારી શ્રમ અધિકારીશ્રી,ખેત વ્યવસાય/ઉદ્યોગ,બહુમાળીભવન,ભાવનગર
(૮૪) લીડ બેંક મેનેજરશ્રી,નિલમબાગ,ભાવનગર
(૮૫) કાર્યપાલક ઈજનેરશ્રી, GETCO વરતેજ, ભાવનગર
(૮૬) મદદનીશ નિયામકશ્રી,ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ટી-૮/૯, બહુમાળી ભવન,ભાવનગર
(૮૭) મદદનીશ કમિશ્નરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ભાવનગર.
(૮૮) મદદનીશ રોજગાર નિયામકશ્રી, બહુમાળીભવન,ભાવનગર.
(૮૯) મદદનીશ નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન, બહુમાળીભવન,ભાવનગર.
(૯૦) નાયબ બાગાયત અધિકારીશ્રી, પશુદવાખાના, નવાપરા, ભાવનગર.
(૯૧) અધિક્ષકશ્રી, જિલ્લા અભિલેખાગાર કચેરી,દરબારી કોઠાર,ભાવનગર.
(૯૨) સીનીયર પોસ્ટ માસ્તરશ્રી, હેડ પોસ્ટ ઓફિસ, હાઇકોર્ટ રોડ,ભાવનગર.
(૯૩) જિલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રી, ભાવનગર અને ચીફ ઓફિસરશ્રી, પાલિતાણા નગરપાલિકા.
(૯૪) પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડીયા,પી.આઈ.યુ. વિભાગ,૨૦૩-૨૦૫, બીઝનેસ લીંક આર્કેડ,પ્રયુશા રેસીડેન્સી પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ,ભાવનગર
(૯૫) ખાતા/ કચેરીના વડા (તમામ)

વિષયઃ- સરકારી પરિપત્રનો સમગ્ર રાજયમાં સત્વરે અમલ કરાવવા બાબત.
સંદર્ભઃ- ઉપ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર નં.વહસ/૧૦૨૦૨૧/૩૯/વાસુતાપ્ર(૨), તા.૦૧/૦૬/૨૦૨૨

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ઉપ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સંદર્ભિત પત્રની નકલ સામેલ રાખેલ છે. સદરહુ પત્ર સાથે માન. પુર્વ ધારાસભ્યશ્રી, પ્રવિણભાઇ જે.રાઠોડ (૧૦૨-પાલીતાણા) દવારા રાજય સરકારની વિવિધ વિભાગો અન્વયે આપવામાં આવતી સેવાઓ માટે એફીડેવીટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણાની પ્રક્રિયા અમલમાં મુકવા બાબતે સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃવહસ/૧૦૨૦૨૧/૪૩૫/વાસુતાપ્ર-૨, તા.૨૫/૧૨/૨૦૨૧નો ભાવનગર જિલ્લામાં અમલ થતો ન હોવા બાબતે કરેલ રજુઆત તા.૧૨/૦૪/૨૦૨૨ સામેલ થઇ આવેલ છે.

સબબ, ઉકત વિગતે સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃવહસ/૧૦૨૦૨૧/૪૩૫/વાસુતાપ્ર-૨, તા.૨૫/૧૨/૨૦૨૧ મુજબ અમલવારી કરવા વિનંતી છે.

(બી.જે.પટેલ)
નિવાસી અધિક કલેક્ટર
ભાવનગર

બીડાણઃઃ ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

યોજના/૨૦૨૨-૨૩/ ૬૮૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર, તા.૨૫/૦૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ)

ઉક્ત પત્રની શરતો/સુચનો મુજબ યોગ્ય અમલવારી તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના- શિ.નિ.શ્રી,મ.શિ.નિ.શ્રી (તમામ), સદર કચેરી. શાળાઓને જાણ કરવા સારૂં.

અગત્યનું/ટોચઅગ્રતા

Azadi Ka Amrit Mahotsav

સત્યમેવ જયતે

ક્રમાંકઃવહસ/૧૦૨૦૨૧/૩૮/વસુતાપ્ર(ર)
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૦૬/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા કલેકટરશ્રી,
જિલ્લા કલેકટરની કચેરી, જિલ્લા સેવા સદન,
ભાવનગર.

વિષયઃ- સરકારી પરિપત્રનો સમગ્ર રાજ્યમાં સત્વરે અમલ કરાવવા બાબત
માન. પૂર્વ ધારાસભ્યશ્રી, પ્રવિણભાઈ જે રાઠોડની તા.૧૨/૦૪/૨૦૨૨ની રજૂઆત

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, માન.પૂર્વ ધારાસભ્યશ્રી, પ્રવિણભાઈ જે રાઠોડ, (૧૦૨-પાલિતાણા) સરકારી પરિપત્રનો સમગ્ર રાજ્યમાં સત્વરે અમલ કરાવવા બાબતે તા.૧૨/૦૪/૨૦૨૨ના પત્રથી કરેલ રજૂઆતની અસલ નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખેલ છે. આ બાબતે આપની કચેરી ધ્વારા જરુરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરી માન. પૂર્વ ધારાસભ્યશ્રીને યોગ્ય પ્રત્યુત્તર પાઠવવા વિનંતી છે અને તે અંગેની જાણ આ વિભાગને કરવા વિનંતી છે.

બિડાણઃ-ઉપર મુજબ

આપની વિશ્વાસુ,

(એન જે ચિતરીયા)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.
ગુજરાત સરકાર

કલેક્ટર કચેરી ભાવનગર
24 JUN 2022
કલાર્ક

વિધાનસભા
સત્યમેવ જયતે
ગુજરાત

**પ્રવિણભાઈ જે. રાઠોડ**
પૂર્વ ધારાસભ્ય, ૧૦૨-પાલિતાણા
ગુજરાત રાજ્ય

૧૨ એપ્રિલ, ૨૦૨૨

નં. મુ.મં.કા/સીએમપી/.........18654
21 APR 2022

પ્રતિ,
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
સચિવાલય, ગાંધીનગર.

CPS to CM
Hon'ble CM
Secy (ARTD)

C.P.S. to C.M.

વિષય :- સરકારી પરિપત્રનો સમગ્ર રાજ્યમાં સત્વરે અમલ કરાવવા બાબત....

માનનીયશ્રી ભુપેન્દ્રભાઈ,

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયેની આપવામાં આવતી સેવાઓ માટે એફીડેવીટની પ્રક્રિયા રદ્દ કરીને સ્વઘોષણ (Self-Declaration)ની પ્રક્રિયા અમલમાં મૂકવા બાબત સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૨૫-૧૨-૨૦૨૧ના રોજ પરિપત્ર કરવામાં આવેલ છે. સમગ્ર રાજ્યમાં તેનો અમલ થતો હશે પરંતુ ભાવનગર જિલ્લામાં તેનો અમલ કરવામાં આવતો નથી. પ્રજાની સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા અવારનવાર પરિપત્રો કરવામાં આવે છે પરંતુ તંત્ર દ્વારા સરકારના જ પરિપત્રોનો અમલ કરીને પ્રજાને સુવિધા પૂરી પાડવામાં આવતી નથી, તે યોગ્ય જણાતું નથી.

આથી, ઉક્ત પરિપત્રનો અમલ સમગ્ર રાજ્યમાં થાય તે માટે આપશ્રીની કક્ષાએથી સંબંધિતોને તાત્કાલિક જરૂરી સૂચના આપવા મારી ખાસ ભલામણ સહ વિનંતી છે.

આભાર સહ,

34340

આપનો સ્નેહાધીન,
(પ્રવિણભાઈ રાઠોડ)

101/12
1-5-22

: ઓફિસ :
૫૦, સુવિધા શોપીંગ સેન્ટર, ભૈરવપરા, પાલિતાણા - ૩૬૪૨૭૦, જિ. ભાવનગર (ગુજરાત)
ફોન : (૦૨૮૪૮) ૨૯૪૫૧૨ • મોબાઈલ : ૯૪૨૬૯૫૧૫૦૨ / ૯૪૨૬૧૭૧૫૦૨

: નિવાસસ્થાન :
મુ.પો. લુવારવાવ, તા. પાલિતાણા - ૩૬૪૨૭૦, જિ. ભાવનગર (ગુજરાત)
બ્લોક નં. ૧૧/૧૨, એમ.એલ.એ. ક્વાટર્સ, સેક્ટર-૨૧, ગાંધીનગર (ગુજરાત) • ફોન : (૦૭૯) ૨૩૨૫૩૨૧૫

S(ARTD-2)

S.O. (ARTD-II)

રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયેની આપવામાં આવતી સેવાઓ માટે એફિડેવિટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણા (Self-Declaration) ની પ્રક્રિયા અમલમાં મૂકવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૫/૧૨/૨૦૨૧

**પ્રસ્તાવના:**

નાગરિકોને ઉપલબ્ધ બનતી સેવાઓ વધારે અનુકૂળતાથી અને ઝડપી ઉપલબ્ધ બને તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો વહીવટી સુધારણાની સતત ચાલતી પ્રક્રિયાના ભાગરૂપે સેવાઓ મેળવવાની રીતમાં સમયાંતરે સુધારાઓ દાખલ કરતાં રહે છે. હવે જ્યારે મોટાભાગની સેવાઓ નાગરિકોને ઓનલાઈન, મોબાઈલ એપ, જનસેવા કેન્દ્ર, ડીજીટલ સેવાસેતુ મારફતે ઉપલબ્ધ બનેલ છે, ત્યારે સેવાઓ મેળવવાની પ્રક્રિયા હજુ સરળ બનાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

૨. રાજ્ય સરકારની વ્યકિતલક્ષી અપાતી સેવાઓમાં, જે તે અરજદાર દ્વારા અપાતી માહિતીની સત્યતા સુનિશ્ચિત કરવા એફિડેવિટ લેવામાં આવે છે. વહીવટી સુધારણાની પ્રક્રિયાના ભાગરૂપે, લોકોપયોગી સેવાઓ ઝડપી ઉપલબ્ધ બને અને નાગરિકોને પ્રક્રિયાના સરળીકરણથી અનુકૂળતા થાય તે હેતુથી સરકારી સેવાઓ મેળવવાની પ્રક્રિયામાંથી જ્યાં કાયદા કે નિયમથી જરૂરી હોય તે સિવાયના તમામ કિસ્સામાં એફિડેવિટની જરૂરિયાત રદ કરી, સ્વઘોષણા(Self-Declaration)ને પ્રક્રિયાનો ભાગ બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર, રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયેની અપાતી સેવાઓ માટે અરજી સાથે વિગતો માટે એફિડેવિટની જગ્યાએ દસ્તાવેજોની સત્યતા અર્થે સ્વઘોષણા(Self-Declaration)ની પ્રક્રિયા અમલમાં મૂકવાનું ઠરાવે છે. આ સ્વઘોષણાની પ્રક્રિયા નીચે મુજબની શરતોને આધીન રહેશે:-

૧. જે કિસ્સામાં કેન્દ્ર અથવા રાજ્ય સરકારના અધિનિયમ અથવા નિયમો અથવા વિનિયમો અન્વયે એફિડેવિટ રજૂ કરવાનું ઠરાવ્યું હશે, ત્યાં એફિડેવિટ લેવાનું ચાલુ રાખવાનું રહેશે, તે સિવાયની તમામ સેવાઓમાં એફિડેવિટની જગ્યાએ સ્વઘોષણા (Self-Declaration) મેળવવાનું રહેશે.

૨. રાજ્ય સરકારના તમામ વિભાગોએ તેમની સેવાઓની સમીક્ષા કરી કાયદા, નિયમ કે વિનિયમોથી સ્થાપિત હોય, તે સિવાયની તમામ સેવાઓમાંથી સેવા આપવાની ચેનલમાંથી(ઓનલાઈન, એપ મારફતે, જનસેવા કેન્દ્ર, પ્રત્યક્ષ સ્વરૂપે /મારફતે વગેરે) એફિડેવિટની જગ્યાઓ સ્વઘોષણાનું ફોર્મ આમેજ કરાવી લેવાની પ્રક્રિયા તા.૧૦/૦૧/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી લેવાની રહેશે.

૩. રાજ્ય સરકારના વિભાગો વતી જે સેવાઓ આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો (ATVT)/ જનસેવા કેન્દ્ર/ ડીજીટલ સેવા સેતુ અંતર્ગત આપવામાં આવે છે, ત્યાં નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર (NIC) દ્વારા (જાતિને લગતી સેવા સિવાય અન્ય તમામમાં) એફિડેવિટની જગ્યાએ સ્વઘોષણા (Self-Declaration) ફોર્મ પ્રતિસ્થાપિત (Substitute) કરવાની પ્રક્રિયા તા.૧૦/૦૧/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી લેવાની રહેશે.

૪. રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જાતિને લગતી અને ક્રીમીલેયર માટે અપાતી સેવાઓ માટે એફિડેવિટની ઉપયોગિતાની સમીક્ષા કરી, જ્યાં યોગ્ય જણાય ત્યાં સ્વઘોષણાની વ્યવસ્થા દાખલ કરવા રાજ્ય સરકારના અલાયદા આદેશ મેળવવાનાં રહેશે, ત્યાં સુધી પ્રવર્તમાન વ્યવસ્થા ચાલુ રાખવાની રહેશે.

૫. જે કિસ્સામાં કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના અધિનિયમ,નિયમો કે વિનિયમોમાં ઉલ્લેખ કર્યા સિવાય એફિડેવિટની જરૂરિયાત જણાતી હોય તો, સંબંધિત વિભાગે રાજ્ય સરકારની ખાસ મંજુરી મેળવ્યા પછી જ એફિડેવિટ દાખલ અથવા તા. ૧૦/૦૧/૨૦૨૨ પછી ચાલુ રાખી શકાશે.

૬. એફિડેવિટની પ્રક્રિયા રદ કર્યા પછી સ્વઘોષણામાં કોઈ ખોટી વિગતો આપવામાં આવી છે, તેવું ધ્યાને આવશે, તો સંબંધિત કચેરી દ્વારા જે તે ખોટી માહિતી આપનાર વ્યક્તિ સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ જેવી કે, ૧૭૭, ૧૯૧, ૧૯૯ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

૭. સેવાઓ માટે એફિડેવિટ રદ કરતાં સ્વઘોષણા સામેલ નમુના (એનેક્ષર-અ)મુજબનું કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રાજેન્દ્રસિંહ રાઠોડ)
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

૧ માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)

૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

૩. સર્વે માનનીય મંત્રીશ્રી/ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧/૨, સચિવાલય, ગાંધીનગર

૪. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૫. માનનીય દંડકશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૬. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

૮. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર

૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય ગાંધીનગર.

૧૦. સચિવાલયના સર્વે વિભાગો

૧૧. સર્વે જિલ્લા કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી/ પોલિસ અધિક્ષકશ્રી

૧૨. સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ.

૧૩. માહિતી નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૪. શાખા સિલેક્ટ ફાઇલ.

૧૫. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઈલ

## એનેક્ષર- એ

## સ્વ ઘોષણા ( Self-Declaration)નો નમુનો

આથી હું નીચે સહી કરનાર (પુરુ નામ) ..................................................... ઉ. વ. ..............................જિલ્લાના .............. તાલુકાના ................ ગામ/ શહેરના રહેવાસી આથી જાહેર કરું છું કે મારા દ્વારા આપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઈ બાબત છુપાયેલ નથી. હું એ જાણું છું કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

સહી..........................

પુરું નામ..................................................

આધાર કાર્ડ/ ઓળખના પુરાવાનો નંબર................

Katw